**વંચાણે લીધા :**

ડે. મ્યુનિસીપલ કમિશનરશ્રી, (બ્રીજ-પ્રોજેક્ટ), અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, સરદાર પટેલ ભવન, દાણપીઠ, અમદાવાદની તા.૧૯/૨/૨૦૨૨ ની દરખાસ્ત અન્વયે.

## જાહેરનામું

## પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૪૯ /૨૦૨૨, તા.૨૯/૧૨/૨૦૨૨

હું, સંજય શ્રીવાસ્તવ,I.P.S., પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં ટ્રાફિકની સલામતી, બ્રીજની સેફ્ટી અને સલામતીને ધ્યાને રાખી નીચે હુકમની વિગતમાં દર્શાવેલ બ્રીજ ઉપરથી પસાર થતા મલ્ટી એક્ષલ વ્હીકલની મુવમેન્ટ ઉપર પ્રતિબંધ ફરમાવવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

## -: હુકમ :-

અમદાવાદ શહેરમાં જાહેર જનતાની સુખાકારી માટે જરૂરીયાત મુજબ જુદા જુદા ફ્લાય ઓવર બ્રીજ તેમજ રેલ્વે ઓવર બ્રીજ બનાવવાની કાર્યવાહી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવતી હોય છે. અ.મ્યુ.કો. દ્વારા ફ્લાય ઓવર બ્રીજ, રેલ્વે ઓવર બ્રીજની કામગીરીના અમલીકરણ માટે ગુજરાત સરકાર દ્વારા કરેલ નિતી નિયમ મુજબની ડીઝાઇન, ડીઝાઇન સર્કલ (આર એન્ડ બી) ગાંધીનગર કચેરી ખાતે ડીઝાઇન પ્રુફ ચેકીંગ કરાવી કામગીરીનું અમલીકરણ કરવામાં આવતુ હોય છે. ડીઝાઇન સર્કલ ગાંધીનગર કચેરી દ્વારા વર્ષ ૨૦૧૬ ડીસેમ્બરથી આઇ.આર.સી. : ૬ ૨૦૧૬ મુજબ બ્રીજની ડીઝાઇન એસ.વી.લોડીંગ મુજબ કરવાનું ચાલુ કરેલ છે. પરંતુ અ.મ્યુ.કો. દ્વારા વર્ષ-૨૦૧૬ અગાઉ બનાવવામાં આવેલ ફ્લાય ઓવર બ્રીજ, રેલ્વે ઓવર બ્રીજની ડીઝાઇન એસ.વી. લોડીંગ મુજબ નથી.

જેથી અ.મ્યુ.કો. દ્વારા અગાઉ બનાવવામાં આવેલ ફ્લાય ઓવર બ્રીજ, રેલ્વે ઓવર બ્રીજ ઉપર રાત્રીના સમયે ભારે માલ સામાન સાથે મલ્ટી એક્ષલ વ્હીકલ પરીવહન કરી રહેલ હોય જે માલુમ પડતા બ્રીજની સેફ્ટી અને સલામતીને ધ્યાને રાખી અ.મ્યુ.કો. ના ટ્રાફિક વિભાગ દ્વારા ટ્રાફિક પોલીસ વિભાગનાં સંકલનમાં રહી તાજેતરમાં ફ્લાય ઓવર બ્રીજ, રેલ્વે ઓવર બ્રીજના એપ્રોચ ઉપર મલ્ટી એક્ષલ વ્હીકલ પ્રોહીબીટેડના સાઇનેજ લગાડવામાં આવેલ છે.

વધુમાં કાંકરીયા રેલ્વે યાર્ડમાં આવતા ૫૦ ફુટ લંબાઇનાં મલ્ટી એક્ષલ વ્હીકલ દ્વારા અતિભારે માલ સામાન (ગુડઝ) નું પરિવહન રાત્રીના સમયે અમદાવાદ શહેરનાં પૂર્વ વિસ્તારમાં આવેલ જુદા જુદા ફ્લાય ઓવર બ્રીજ, રેલ્વે ઓવર બ્રીજ ઉપરથી થતુ હોવાનું માલુમ પડેલ હોય જે બાબતે અ.મ્યુ.કો. વિભાગ દ્વારા રેલ્વે વિભાગને મલ્ટી એક્ષલ વ્હીકલનું પરિવહન શહેરના જુના બ્રીજો ઉપર ન થાય તે માટેની સ્પષ્ટ સુચના આપેલ છે.

અમદાવાદ શહેરના પુર્વ વિસ્તારમાં ઔધોગિક એકમોનું પ્રમાણ વધારે હોવાથી રાત્રીના સમયે ભારે માલ સામાન સાથે મલ્ટી એક્ષલ વ્હીકલ પરીવહન કરતા હોવાનું માલુમ પડેલ છે. મલ્ટી એક્ષલ વ્હીકલોના પરીવહનને કારણે તાજેતરમાં હાટકેશ્વર ફ્લાય ઓવર બ્રીજના સુપર સ્ટ્રકચર ડેક સ્લેબમાં નુકશાન થતા, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તાત્કાલીક ધોરણે કોઇપણ પ્રકારનો અકસ્માત ન થાય તે હેતુથી બ્રીજ રીપેરીંગની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.

આમ, ઉપર્યુક્ત સઘળી બાબતોને ધ્યાને લઈ જાહેર જનતા તથા બ્રીજની સલામતિને ધ્યાને રાખી અમદાવાદ શહેરમાં **<u>નીચે નિર્દીષ્ટ કરેલ ફ્લાય ઓવર બ્રીજ/રેલ્વે ઓવર બ્રીજ ઉપર ૨૪.૦૦ કલાકના સમયગાળા (દિવસ અને રાત્રી બન્ને) સુધી મલ્ટી એક્ષલ વ્હીકલોની અવર-જવર કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું</u>**.

| ફ્લાય ઓવર બ્રીજ/રેલ્વે ઓવર બ્રીજની વિગત | | | |
|---|---|---|---|
| **અ.નં.** | **બ્રીજનું નામ** | **અ.નં.** | **બ્રીજનું નામ** |
| ૧. | હાટકેશ્વર બ્રીજ | ૬. | દિનેશ ચેમ્બર બ્રીજ |
| ૨. | નાથાલાલ ઝગડા રેલ્વે ઓવર બ્રીજ | ૭. | ઇસનપુર બ્રીજ |
| ૩. | સોનીની ચાલી બ્રીજ | ૮. | ગુરુજી રેલ્વે ઓવર બ્રીજ |
| ૪. | સી.ટી.એમ. બ્રીજ | ૯. | જશોદાનગર બ્રીજ |
| ૫. | ઠક્કરનગર બ્રીજ | ૧૦. | અજીતમીલ ફ્લાય ઓવર બ્રીજ |

આ આદેશનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા.૨૩/૧૨/૨૦૨૨ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી કરવાનો રહેશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૧/૧૨/૨૦૨૨ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશનર
અમદાવાદ શહેર
સત્યમેવ જયતે

તા.૨૧/૧૨/૨૦૨૨
અમદાવાદ શહેર

( સંજય શ્રીવાસ્તવ )
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**<u>નકલ સવિનય રવાના :</u>**

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેક્ટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બેરેક નં-૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.ગાંધીનગર
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ત, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર

(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર

(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર-૧,સેકટર-૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઈમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર

(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂં

(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર

(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર

(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર

(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)

(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)

(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર

(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં

(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિદ્દ કરવા સારૂં.